For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પોલીસે ગલી ગલીમાં ઘૂસીને રાત્રે ફક્ત યુવાનોને જ ટારગેટ કરતાં કંઇ રંધાઇ રહ્યું હોવાની આગેવાનોને શંકા

રાત્રે 11 વાગ્યે જ શહેર બંધ, સુરક્ષા કે પછી કોકરોચનો ભય?

અત્યાર સુધી સુરક્ષાના મુદ્દે પોલીસ શુ કરી રહી હતી? રાજકીય આગેવાનો આક્રોશ

આવું કંઇ નથી હુ શહેર પોલીસ કમિશનર સાથે વાત કરીશ : હર્ષ સંઘવી

સુરત : કોકરોચ જનતા પાર્ટીનો ડર હાલમાં સત્તાધીશો અને રાજકીય પાર્ટીઓમાં ફફડાટ ફેલાયો છે. તેવી શંકા અત્યારે રાજકીય આગેવાનો વ્યક્ત કરી રહ્યાં છે. તેનું સૌથી મહત્વનું કારણ એછે કે, છેલ્લા એક સપ્તાહથી શહેર પોલીસ રાત્રિના દસ થી સાડા દસ વાગ્યે આખુ શહેર બંધ કરાવી રહી છે. ખાસ કરીને ખાણી-પીણીની લારીઓ પર બેસતા યુવાનોને ટારગેટ કરવામાં આવી રહ્યાં છે. કોકરોચ જનતા પાર્ટીના

...અનુસંધાન પાના 5 પર



એક બે દિવસમાં પરિસ્થિતિ રાબેતા મુજબની થઇ જશે : કમિશનર

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે જણાવ્યુંકે એક બે દિવસમા પરિસ્થિતી રાબેતા મુજબ થઇ જશે. આ રૂટીન કામગીરી છે. તેમા અમારી પર કોઇ રાજકીય દબાણ નથી. કાયદો અને

...અનુસંધાન પાના 5 પર

સરકાર યુથથી ગભરાઇને જનતાનો અવાજ દબાવી રહી છે : સંજય ઇજાવા

યુવાનો ભેગા થાય તો રાજકીય ચર્ચા છેડાય તેમાં સરકારની નિષ્ક્રીયતા બહાર આવે તે વાતથી સરકાર યુથથી ગભરાઇ રહી છે. પોલીસ જે રીતે રાત્રે લોકોને ખાણીપીણીની લારીઓ પરથી ભગાવી રહી છે તે શર્મનાક છે. હવે સરકાર પોતાની નિષ્ક્રીયતાઓને છૂપાવવા માટે કોકરોચ જનતાપાર્ટીના ડરથી યુવાનો એક સાથે ભેગા નહી થાય તેવું કાવતરુ કરી રહી છે. તે શરમજનક છે. આ ગંભીર મામલાને યુવાનો પણ સમજે તે જરૂરી છે.

હત્યાઓ તો દિવસે થાય છે રાત્રે શા માટે ખાણી પીણીની લારીઓ બંધ કરાવાય છે ? અસલમ સાઇકલવાલા

પૂર્વ કોર્પોરેટર અને કોંગ્રેસ નેતા અસલમ સાઇકલવાલાએ જણાવ્યું હતું કે, હત્યાઓ જો ઘોળે દિવસે થતી હોય તો પોલીસ અને રાજય સરકાર તેમની અણઆવડત છૂપાવવા માટે સામાન્ય લોકોને રંજાડી રહી છે. રાત્રિના સમયે પરિવારજનો સાથે બેસેલા લોકોને ફટકારવા અને તેઓને ભગાડીને સરકાર પોતાની હિમત બતાવી રહી છે. પોલીસદાદાઓનો ખોફ છેલ્લા દસ દિવસથી તેની ચરમસીમાએ

...અનુસંધાન પાના 5 પર

નેપાળ અને બાંગ્લાદેશમાં યુવાઓએ સતા પલટો કર્યો છે. : ભાવેશ રબારી

માજી સિન્ડિકેટ મેમ્બર, એડવોકેટ અને NSUIના આગેવાન ભાવેશ રબારીએ જણાવ્યું કે કોકરોચ જનતા પાર્ટીથી રાજકીય પાર્ટીઓ ગભરાઇ છે. નેપાળ અને બાંગ્લાદેશમાં યુવાઓએ સતા પલ્ટો કર્યો છે. આ સત્તાપલ્ટો ભારતમાં નહીં થાય તે માટે હવે સરકારી મશીનરોને છુટી મૂકી દેવાઇ છે. સુરતમા યુવાનો અને પરિવારો ખાણીપીણીની લારીઓ પર ભેગા થાય છે. ત્યારે તેઓને રોકવા

...અનુસંધાન પાના 5 પર

દારુના અડ્ડાને 24 કલાકની છૂટ : કલ્પેશ બારોટ

શહેરમા આપ પાર્ટીના રાજકીય આગેવાન કલ્પેશ બારોટે જણાવ્યુંકે શહેરમા દારૂના અડાઓ આખી રાત ચાલી શકે છે પરંતુ શહેરીઓની

...અનુસંધાન પાના 5 પર

ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત
સુરત - નવસારી - અંકલેશ્વર - અમદાવાદ - રાજકોટ (મલ્ટીસ્ટેટ શિડ્યૂલ્ડ બેંક)
30 વર્ષમાં 30 શાખાઓ અને ₹ 7000 કરોડથી વધુનો બિઝનેસ ધરાવતી
ધી વરાછા-કો-ઓપ બેંકને
શિડ્યૂલ્ડ બેંક નો દરજ્જો મળ્યો
આપણી બેંક, હવે મલ્ટીસ્ટેટ શિડ્યૂલ્ડ બેંક
વહીવટી ઓફિસઃ સહકાર ભવન, સરથાણા પોલીસ સ્ટે. પાસે, વ્રજચોક, સરથાણા જકાતનાકા, સુરત.
Toll Free No.: 1800 258 7750
Website : www.varachha.bank.in | E-mail : info@varachha.bank.in
સ્થાપના 1995
વિકાસની પરંપરા, વિશ્વાસનો વિકાસ

UPSCનું 2023 પછીનું સૌથી કઠિન પ્રશ્નપત્ર

આંદામાનની આબોહવાથી લઈને બ્લોકચેન ટેક્નોલોજી સુધીના પ્રશ્નોએ ઉમેદવારોને ચક્કરાવ્યા

સુરતઃ દેશની સૌથી પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક ગણાતી UPSC સિવિલ સર્વિસીસ પ્રીલિમ્સ પરીક્ષા આ વખતે ઉમેદવારો માટે કઠિનતા અને સમય વ્યવસ્થાપનની મોટી કસોટી બની રહી હતી. સુરત શહેરના 11 કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં નોંધાયેલા 3542 ઉમેદવારોમાંથી પ્રથમ સેશનમાં 77.55 ટકા અને બીજા સેશનમાં 69.75 ટકા ઉમેદવારો હાજર રહ્યા હતા. લાંબા, વિશ્લેષણાત્મક અને બહુસ્તરીય પ્રશ્નોના કારણે પરીક્ષા બાદ મોટા ભાગના ઉમેદવારોમાં મૂંઝવણ જોવા મળી હતી.

આ વર્ષે UPSCએ પરંપરાગત માહિતી આધારિત પ્રશ્નો કરતાં સમજણ, વિશ્લેષણ અને તર્કશક્તિ આધારિત પ્રશ્નોને વધુ મહત્વ આપ્યું હતું. પ્રથમ સેશનના જનરલ સ્ટડીઝમાં અનેક પ્રશ્નો લાંબા ફકરાઓ અને કેસ સ્ટડીના સ્વરૂપમાં પૂછાતા ઉમેદવારોને પ્રશ્ન વાંચવામાં જ ઘણો સમય વાપરવો પડ્યો હતો. બીજી તરફ CSATમાં પણ કોમ્પ્રિહેન્શન, લોજિકલ રીઝનિંગ અને ડેટા

...અનુસંધાન પાના 5 પર

૨૦મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

વ્હાલી કિષ્ણા અને ફેનિલ,
અમારાથી એવા તે કેવા તમે રીસાઈ ગયા કે કાશ્મીરની ધરતી પર આંતકવાદી હુમલામાં શહીદ થઈ ચિરનિદ્રામાં પોઢી ગયા ! તમે ભલે ગયા, તમારી યાદ હમેશા અમારા હૃદયમાં રહેશે જ...
પ્રભુ આપને ચિર શાંતિ અર્પે.
સ્વ. કિષ્ણા સ્વ.તા.૨૫-૫-૦૬
સ્વ. ફેનિલ સ્વ.તા.૨૫-૫-૦૬
લિ.
સ્વ.નવીનચંદ્ર નાગરદાસ જરીવાલા (દાદા) જશવંતલાલ નાગરદાસ જરીવાલા (દાદા)
રાજેશકુમાર નવીનચંદ્ર જરીવાલા (પિતા) હેમંતકુમાર જશવંતલાલ જરીવાલા (પિતા)
મેઘના (બહેન) - પ્રિયંક (ભાઈ) નેન્સી - ખૂશ્બૂ (બહેન), નીલકંઠ(ભાઈ)
અને સમગ્ર નાગર ઝવેર પરિવાર.

ભાવભીની શ્રધ્ધાંજલિ

પ્રિય મિત્ર મુકેશ,
મિત્રતા એટલે જીવન પર્યન્તનો સંબંધ પણ...
દોસ્ત તમે આમ એકદમ અચાનક જ
જતા રહ્યા અમને એકલા મૂકીને,
અમારા જીવનની એક અમૂલ્ય સંપત્તિ સમાન,
મિત્રતાના મહારથીની ખોટ જીવનભર અમને રહેશે.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..
સ્વ. મુકેશભાઈ ગોસાઈભાઈ પટેલ
સ્વ. તા. ૨૨/૦૫/૨૦૨૫, શુકવાર
લિ. ચાંયળ ચોક ગ્રુપ,ભીમરાડ ગામ

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

પરોપકાર અને સત્કર્મોની સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, કુટુંબના સભ્યો સાથે સ્નેહ લાગણીભર્યું વર્તન રાખી સૌના હૈયામાં ચિરકાલીન સ્થાન પામી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને આશીર્વાદ અને ચિર શાંતિ આપે, અને જન્મો જનમ આપ અમોને જ મળો એવી પ્રભુને પ્રાર્થના...
લિ.
સ્વ. મુકેશભાઈ બાલુભાઈ પટેલ (પુત્ર)
બળદેવભાઈ બાલુભાઈ પટેલ (પુત્ર)
વિરેન (લાલુ) બળદેવભાઈ પટેલ (પૌત્ર)
તથા સમસ્ત પરિવાર.
સ્વ. ડાહીબેન બાલુભાઈ પટેલ
સ્વ.તા. ૨૫-૦૫-૨૦૨૫
મુ.પો. ભેંસાણ, તા. ચોર્યાસી, જી. સુરત

પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

રડી પડે છે આંખો અમારી, તસ્વીર જોઈ તમારી, દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા તમે, પુછીશું ઈશ્વરને અમે, તમારા ખજાને ક્યાં ખોટ પડી, અમારે જેની જરૂર હતી, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વક પ્રાર્થના..
લિ.
ગં.સ્વ. ધનૂબેન શંકરભાઈ પટેલ (માતા)
ગં.સ્વ. દિપ્તીબેન હિતેન્દ્રભાઈ પટેલ (પત્ની)
ધાર્મિક હિતેન્દ્રભાઈ પટેલ (પુત્ર)
આર્ચી હિતેન્દ્રભાઈ પટેલ (પુત્રી)
દીપિકાબેન એમ પટેલ (બહેન)
મનીષકુમાર કે પટેલ (બનેવી)
સ્વ.હિતેન્દ્રભાઈ શંકરભાઇ પટેલ
સ્વ.તા.૨૫/૦૫/૨૦૨૧
મુ.પો.દિહેણ,તા. ઓલપાડ,જી. સુરત

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સુખથી કદી છલકાયા નહીં, દુઃખથી કદી ડગ્યા નહીં,વ્યવહાર કદી ચુકયા નહીં, ધર્મ કદી ભુલ્યા નહીં, જીવનમાં હરપળ હસતા રહ્યા, જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા અને પરિવારથી વિખુટા પડી અનંતયાત્રાએ ચાલ્યા ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. રાધા ધનસુખલાલ ગાંધી (પત્ની)
હેમાલી સુનીલકુમાર મોતીવાલા (પુત્રી) સુનીલકુમાર રમેશભાઈ મોતીવાલા (જમાઈ)
દેવાંગ ધનસુખલાલ ગાંધી (પુત્ર) નિમિષા દેવાંગ ગાંધી (પુત્રવધુ)
ગૌરવ ધનસુખલાલ ગાંધી (પુત્ર) ખુશ્બુ ગૌરવ ગાંધી (પુત્રવધુ)
શિયમ દેવાંગ ગાંધી (પૌત્ર) વિધેશ ગૌરવ ગાંધી (પૌત્ર)
સ્વ.શ્રી ધનસુખલાલ છોટાલાલ ગાંધી
જન્મ તા:- ૨૩-૦૪-૧૯૫૪
મરણ તા:- ૨૫-૦૫-૨૦૨૪

આઠમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

અમે તમને પળ પળ યાદ કરીએ છીએ,
તમારી ખોટ અમારા જીવનમાં દરેક પ્રસંગે વર્તાતી રહેશે,
તમારી ખોટ કોઈ પુરી શકે તેમ નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
શ્રી આકાશ દુષ્યંત દેસાઈ (પુત્ર) । ડૉ.ખૂશ્બુ દુષ્યંત દેસાઈ (પુત્રી)
તથા સ્વ.શ્રી કાંતિલાલ ભીખુભાઈ દેસાઈ (ખરસાડકર) સમસ્ત પરિવાર.
પીર મહોલ્લો, નવસારી.
સ્વ.દુષ્યંતભાઈ કાંતિલાલ દેસાઈ
સ્વ.તા.૨૫/૦૫/૨૦૧૮

ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' પ્રોજેક્ટને ટાર્ગેટ કરી બદ્ઈરાદાપૂર્વક ગંભીર પ્રકારના ગેરકાયદેસરના કૃત્યો આચરી બ્લેકમેઈલીંગ સભર પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેર નોટીસ વિરૂદ્ધ રેકર્ડ આધારીત સાચી હકીકત સંદર્ભે પ્રમાણિત ખુલાસો તેમજ વળતી જાહેર નોટીસ

જી.નવસારી, તા.જલાલપોર, **મોજે ગામ પોંસરા**ના જુના બ્લોક નં. ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯ કે જેના **નવા બ્લોક નં. ૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦** સંદર્ભે **ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ઘારીવાલા** વિગેરેએ તેમના લીગલ એડવાઇઝરના સથવારે તેઓના વકીલશ્રીઓ મારફત **તા. ૧૭ મે, ૨૦૨૬** ના દિને **'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ દૈનિક વર્તમાનપત્ર'** માં પ્રસિદ્ધ કરાવેલ જાહેર નોટીસમાં કરવામાં આવેલા આક્ષેપો સત્યથી વેગળા અને જુઠાણાઓથી ભરપુર છે. સદર જાહેર નોટીસમાં જાણીબુઝી બદ્ઈરાદાપૂર્વક ખોટી હકીકતો ઊભી કરી અને સાચી હકીકતોને તોડી મરોડી બ્લેકમેઇલીંગ કરવાના બદ્આશય માત્રથી ગેરકાનુની રીતરસમ અજમાવી પ્રસિદ્ધ કરાવેલ છે, જે વિરૂદ્ધની રેકર્ડ આધારીત સાચી હકીકતો અત્રે પ્રસ્તુત છે.

કાનુની જોગવાઈઓની સતત દુહાઈ વાગોળી ભ્રામક ભય ઊભો કરી મસમોટી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવવાથી અમો ક્યારેય પણ ડરી જવાના નથી. તેવી ભ્રામક જાહેર નોટીસોથી ખોટી હકીકતો કદાપી સાચી થઇ જતી નથી.

ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેએ **બ્લોક નં. ૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦** વાળી જમીનો સંદર્ભે જે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે, તે જમીનો સરકારશ્રીના રેવેન્યુ રેકર્ડને આધીન હાલ પણ **'ખેતીલાયક ઉપયોગ'** વાળી જમીનો તરીકે ચાલી આવેલ છે, જેથી તેવી જમીનોમાં પ્લોટીંગ કરવાનો પ્રશ્ન જ અસ્થાને છે. કાયદા વિરૂદ્ધના વ્યવહારો કરનારા ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરે ઈસમોની ટોળકીને આ પ્રકારેની જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવવા કોઇ લોકસ પ્રાપ્ત થતું ન્હોતું અને નથી.

કાયદાનો સ્પષ્ટ સિદ્ધાંત છે કે **'ખરીદનાર સાવધાન રહે'**. મસમોટી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવી સનસનાટીના સીન ઊભા કરનારા **ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ઘારીવાલા વિગેરે**એ ઉપરોકત બ્લોક નંબરો અંગે પોતાના કહેવાતા કાયદેસરના હક્ક અધિકાર સંદર્ભેના ટાઇટલની સુપેરે ચકાસણી કરાવડાવી પોતાના ટાઇટલનું કાયદાકીય શું વજુદ છે, તેની તેમના કાનુની સલાહકારો પાસેથી સૌપ્રથમ ખરાઈ કરાવવી જોઇએ.

ચંદ્રેશભાઈ પ્રવિણભાઈ કોટડીયાએ ૨૪ જેટલા વ્યક્તિઓને જુદા જુદા પ્લોટ નંબરોનો ઉલ્લેખ સહિતની ડાયરી લખી આપી, જુદી જુદી કબજા રસીદો નોટરી રૂબરૂ લખી આપેલાના, જે કથનો જાહેર નોટીસમાં પ્રસિદ્ધ કરેલ છે, તેવી કહેવાતી ડાયરીઓ અને કબજા રસીદોથી પ્લોટોના ટાઇટલોનું કાયદાકીય શું વજુદ હોય, તે ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેના લીગલ એડવાઇઝર જ યોગ્ય ચકાસણી કરી સમજાવી શકશે. **બીનખેતી થયા વગરની જમીનોમાં પ્લોટીંગ થઈ શકે કે કેમ ?** તેની સલાહ ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેએ તેમના લીગલ એડવાઇઝર પાસે અવશ્ય મેળવી હશે અથવા ભવિષ્યમાં અમારા ખુલાસા પછી મેળવવી આવશ્યક બની જશે.

મોજે પોંસરાના બ્લોક નં. ૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦ વાળી જમીનો ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત 'પુજા આઇકોનીક ટેક્ષટાઇલ પાર્ક' પ્રોજેક્ટનો ભાગ નથી, તે હકીકતથી ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરે સંપુર્ણપણે માહિતગાર છે.

ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' માં સમાવિષ્ટ જમીનો અંગે નગર પ્રાયોજન અને મુલ્યાંકન ખાતાની કચેરી, નવસારી સહિતની અન્ય સરકારી કચેરીઓ તરફથી જરૂરી કાયદેસરની પરવાનગીઓ તેમજ અભિપ્રાયો મેળવવામાં આવેલ છે, તેમજ સદર પ્રોજેક્ટમાં સમાવિષ્ટ બ્લોક નંબરોવાળી જમીનો સંદર્ભે કલેકટરશ્રી નવસારીની કચેરી તરફથી બીનખેતી વિષયક અંગેની જરૂરી પરવાનગીઓ પણ મેળવવામાં આવેલ છે.

આ **ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ઘારીવાલા**એ તેમની **તા. ૧૭ મે, ૨૦૨૬** વાળી નોટીસમાં જણાવેલા નવા બ્લોક નં. ૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦ વાળી જમીનો **'પુજા આઇકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** ના પ્રોજેક્ટનો ભાગ નથી, તે જમીનો કે ચંદ્રેશભાઈ કોટડીયાને **'પુજા આઇકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** સાથે દૂર દૂર સુધી કોઈ લેવા દેવા નથી. જે હકીકતોથી ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેનાઓ તથા તેમના સલાહકારો પ્રથમથી જ માહિતગાર છે, જેની આથી જાહેર માધ્યમથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉપરોકત વાસ્તવીક હકીકત એ સરકારી રેવેન્યુ રેકર્ડનો એક ભાગ છે અને સરકારશ્રીની જે તે કચેરીઓ ખાતે તેવા રેકર્ડ ઉપલબ્ધ છે. આ ઈસમો ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેએ **તા. ૧૭ મે, ૨૦૨૬** ના રોજની તેઓની જુઠાણાસભર જાહેર નોટીસથી **'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** બાબતે પ્રોજેક્ટમાં પ્લોટો ખરીદનારાઓ, રોકાણકારો અને બેંક સહિત નાણાં ધીરનાર સંસ્થાઓને ખોટી રીતે ટાર્ગેટ કરી સદર પ્રોજેક્ટમાં સમાવિષ્ટ જમીનોના ટાઇટલમાં બદ્ઈરાદાપૂર્વક ગુંચ ઊભી કરવાનું અને કોઈપણ આધાર પુરાવાઓ વગર સદર પ્રોજેક્ટની જાહેરમાં બદનક્ષી કરવાનું ષડયંત્ર રચવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે.

આ વળતી નોટીસ આપી ખુલ્લા આહવાન સાથે જણાવવાનું કે, ભુપેન્દ્રભાઇ ઘારીવાલા વિગેરેનાઓએ તા. ૧૭ મે, ૨૦૨૬ ના રોજ જે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે, તે જાહેર નોટીસમાં સમાવિષ્ટ બ્લોક નંબરોનો ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત 'પુજા આઇકોનીક ટેક્ષટાઇલ પાર્ક' માં સમાવેશ થતો હોય તેવા કોઈપણ આધારભૂત દસ્તાવેજી પુરાવાઓ અમો સમક્ષ દિન-૭ માં રજુ કરવા આ જાહેર માધ્યમથી પડકારવામાં આવે છે.

''ઉલ્ટા ચોર કોટવાલ કો દંડે'' જેવી બ્લેકમેઇલીંગ સભર નીતિરીતિ અજમાવી અમો પાસેથી ગેરકાનુની તોડબાજી કરવાનો મનસુબો ઘરાવતા ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ઘારીવાલા વિગેરે તથા તેમના કહેવાતા સલાહકારોને કાયદાનું જ્ઞાન કાનુની કાર્યવાહી થકી અવશ્ય કરાવીશું.

કાયદાપ્રધાન દેશમાં કાયદાને કથપુતલીનું સાધન સમજતા આવા તત્વો વિરૂદ્ધમાં અમારી કાયદેસરની કાર્યવાહી પછી જે પરિણામો આવશે, તે મીડીયાના માધ્યમથી અવશ્ય પ્રસિદ્ધ કરાવીશું, જેથી કાયદાની આંટીઘુટી ઊભી કરી બ્લેકમેઇલીંગ કરનારા તત્વોમાં એક દાખલો બેસે. નિર્દોષ વેપારી વ્યક્તિઓની કિંમતી જમીનો ઉપર કોઇપણ આધાર પુરાવા વગર લીટીગેશનો ઊભા કરનારા ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરે તથા તેમના મળતીયા ઈસમો કાયદાના સકંજામાં ફસાઈ ચુક્યા છે.

ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેનાઓએ અગાઉ **તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬** ના દિને પણ, આ જ પ્રકારે ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયા વિરૂદ્ધમાં મસમોટી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ હતી. એ હકીકત પણ અત્રે ઉલ્લેખનીય છે કે, તે જાહેર નોટીસમાં ક્યાંય પણ ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત **'પુજા આઇકોનીક ટેક્ષટાઈલ પાર્ક'**ના પ્રોજેક્ટ બાબતેનો કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કરેલ નથી. જે આધારે પણ સ્પષ્ટપણે સાબિત થાય છે કે, તે નોટીસમાં સમાવિષ્ટ બ્લોક નંબરોવાળી જમીનો અંગે ગ્રીન ગૃપ દ્વારા સંચાલિત **'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** પ્રોજેક્ટને કોઈપણ પ્રકારે કોઈ જ લેવાદેવા ન્હોતું કે છે નહીં અને ભુપેન્દ્રભાઈ ઘારીવાલા સહિતના તમામ મળતીયાઓ એ હકીકતથી સંપુર્ણપણે માહિતગાર અને જાણકાર હતા.

''કાયદો કાયદાનું કામ કરશે'' સનસનાટીના સીન ઊભા કરનારા આવા તત્વો સાથે અમો થકી થનારી કાનુની કાર્યવાહી બાદ ''દુધનું દુધ અને પાણીનું પાણી'' અવશ્ય છુટુ થઈ જશે.

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ તથા **તા. ૧૭ મે, ૨૦૨૬** ના રોજ પ્રસિદ્ધ કરાવેલ જાહેર નોટીસોમાં ચાલાકીપૂર્વક મનઘડત કહાનીઓ ઘડી, પાઠાફેર અને વજુદ વગરની જે કોઇ વિગતોનો ઉલ્લેખ કરેલ છે, તેની સાથે અમોને દુર દુર સુધી કોઇ લેવાદેવા નથી, જેથી તેનો કોઈ કાયદાકીય ખુલાસો કરવાની હાલ તુરંત અમને કોઇ જરૂરીયાત જણાય આવતી નથી. આવી ખોટી તથા ગેરમાર્ગે દોરનારી બદનક્ષીકારક આક્ષેપોવાળી નોટીસોના કારણે **'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** તરફે જે કોઇ કાનૂની કાર્યવાહી થનાર છે, તેના ખર્ચ સહિતના પરિણામની જવાબદારી ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરે તમામની રહેશે.

આવી ભ્રામક અને ભારોભાર બ્લેકમેઈલીંગ સભર તેમજ બદ્ઈરાદામાત્રથી આપવામાં આવેલ જાહેર નોટીસથી કોઈએ પણ ભ્રમિત થવું નહીં. અમો મારફત આ ટોળકીના જવાબદાર ઈસમો વિરૂદ્ધ ટુંકસમયમાં મક્કમતાપુર્વકની ફોજદારી સહિતની તમામ પ્રકારની કાનુની કાર્યવાહીઓ બીનચુકપણે હાથ ધરવામાં આવનાર છે. આવા ગેરકાનુની હક્કદાવાઓ ઊભા કરનાર જવાબદાર તમામ ઇસમો વિરૂદ્ધ હવે પછી થનાર કાનૂની કાર્યવાહીની તમામ સાચી અને પ્રમાણિત વિગતો મીડીયાના માધ્યમથી ફરીથી અવશ્ય જાહેર કરવામાં આવશે.

જેથી અમારી પુરાવા આધિન સાચી અને ખરી હકીકતોવાળા આ જાહેર ખુલાસાને ધ્યાને લઈ, ભુપેન્દ્રભાઈ ઘારીવાલા વિગેરેની ટોળકીના ઈસમોની શોબાજીથી કોઈએ પણ ભ્રમિત થવું નહીં. જાહેર જનતા સમક્ષ રેકર્ડ આધારીત હકીકતો જાહેર કરવાના શુભ હેતુથી, હાલ તુરંત ખપપુરતો આ ખુલાસો જાહેર હિતમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઓફિસ :-
'મનિષ પટેલ એન્ડ એસોસીએટ્સ, લો-હાઉસ'
5, પ્રકાશ સોસાયટી, જલારામ ડેરીની બાજુમાં,
આદર્શ ભવન પાસે અઠવાલાઈન્સ, સુરત-1.
સ્થળ : સુરત, તારીખ : 24.05.2026

-: અમો મારફત :-
મનિષ એમ. પટેલ Mo. 98251 21200
મિતેષ એચ. પટેલ Mo. 84888 98408
જૈત્ર એમ. પટેલ Mo. 81410 93947
હિમાંશુ એ. નાવડિયા Mo. 96877 79222
એડવોકેટ્સ

MANISH PATEL & ASSOCIATES Since 1996 LAW HOUSE

અમોએ આપેલી માહિતી, સુચના અને સહીથી :-
ગ્રીન ગૃપ સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' વતી અને તરફે,
અલ્પેશકુમાર ગોકળભાઈ કોટડીયા વિગેરે
હાલ ઠેકાણું: G/21, એટલાન્ટીસ સ્કવેર, ફાયર સ્ટેશન પાસે, આઈએફસી સેન્ટર પાછળ, વેસુ વી.આઈ.પી. રોડ, સુરત-7. Mo. 63544 68811